# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૮/૦૩/૨૦૨૫ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૬૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૬૬૦ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૨૫ બિયર ટીન, ૪ સ્કુટર, ૨ રિક્ષા, અને ૩ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩,૭૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૬૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૩૬૭/૨૦૨૫**

**આનંદનગરઃ** વિષ્ણુભાઇ રવિન્દ્રભાઇ જાતવ (ઉ.વ.૩૪) (રહે. પ્લોટ નંબર–ઈ/૧૪, મિરા હાઉસ એન.યુ.–૪, સપનાનગર ગાંધીધામ પુર્વ કચ્છ) એ તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વિષ્ણુભાઇ જાતવને ફાયનાન્સની જરૂરીયાત હોય (૧) પંકજભાઇ (૨) શૈલેષભાઇ સીંગાળા (રહે. મુંબઇ, મુળ વતન. તરુવર એપાર્ટમેન્ટ, ૧૫૦ રિંગ રોડ અયોધ્યા ચોક પાસે રાજકોટ) (૩) પ્રકાશભાઇ ડાભી (૪) રૂપીન અરોરા અને (૫) સુનિલ પ્રવિણચન્દ્ર પટેલ (રહે. રોનક પાર્ક સેટેલાઇટ) નાઓનો સંપર્ક કરતા વિષ્ણુભાઇ જાતવને રૂપિયા ૨૫,૦૦,૦૦,૦૦૦/– લોન લેવાનું જણાવતા તેઓએ ૬% લેખે રૂપિયા ૧,૫૦,૦૦,૦૦૦/– કમિશન આપવું પડશે અને તે સિક્યુરીટી પેટે આંગડીયા પેઢીમાં જમા કરાવવાનું રહેશે, જે લોન થઈ ગયા બાદ આંગડીયા પેઢીમાંથી અમે લઈશું, તેમ કહી વિશ્વાસમાં લઈ તા.૧૩/૧૨/૨૦૨૪ થી તા.૩૦/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન વિષ્ણુભાઇ જાતવ પાસેથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦,૦૦૦/– આનંદનગર રોડ ટાઇટેનીયમ સીટી સેન્ટર જય અંબા આંગડીયા ખાતે જમાં કરાવડાવી, રૂપિયા મેળવી લઇ, લોન નહી કરાવી, આપેલ રૂપિયા પરત નહી આપી આંગડીયા પેઢી બંધ કરી નાસી જઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.આર.ચાંદુ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૩૬૮/૨૦૨૫**

**ગોમતીપુરઃ** વર્ષાબહેન જયેશ જૈન (ઉ.વ.૩૩) (રહે. ગુજરાત હાઇસીંગ બોર્ડ સરસપુર રાયપુર મીલ પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૩/૨૦૨૫ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૩/૨૦૨૫ સાંજના ૫/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.મહિડા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** ગોકુળવાસ પ્રેરણાતીર્થ દેરાસર પાછળ જોધપુર ગામ સેટેલાઈટ ખાતે રહેતા અને શ્યામ રેસીડેન્સી કોમર્શીયલ દુકાન નંબર-૧૭ ભેરૂનાથ પુરી-શાક નામની દુકાન ખાતે ધંધો કરતા જિતેન્દ્ર ગટુલાલ અહારી (ઉ.વ.૧૮) (મુળ વતન. ખારીફલા મસાના ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૩/૨૦૨૫ કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલા દુકાન ખાતે છતના લોખંડના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

**રામોલઃ** ઈન્દ્રેશકુમાર સ/ઓ હરીશકુમાર વૈશ્ય (ઉ.વ.૨૧) (રહે. શિવમ આવાસ યોજના રિલાયન્સ પેટ્રોલપંપ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૩/૨૦૨૫ સવારના ૧૧/૦૦ થી સાંજના ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જેરામભાઈ વાલજીભાઈ ચલાવે છે.

**નારોલઃ** મીરાદેવી રામજીલાલ પ્રજાપતિ (ઉ.વ.૬૦) (રહે. તુલસીનગર નારોલ ગામ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૫ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી. હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રી મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.સાંબડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી